Included in the UGC Approved List of Journals

SAHITYASETU
ISSN: 2249-2372
A Peer-Reviewed Literary e-journal
Website: http://www.sahityasetu.co.in

Year-8, Issue-4, Continuous Issue-46, July-August 2018

# લઘુકથા / છાણા થાપવા એટલે

મન હું ખબર્યે કે હું છાણા થાપી હ...

મારી આઇએ છાણા થાપેલા. પડખે ઊભી રઇને મારી બાને છાણા થાપતી હું જોઇ રે'તી. મને થ્યું લાવ્યને હુંય... હુંય શીખી ગઇ.

ઘરમાં કટકટલ્યું કામ હોય. હવારમાં ઊભા થાઇ તે હાંજે બેવડું પોટલું થઇ જાઇ. કારેક પાછું વાડીનુંય કામ હોય. મને તો છાણા થાપવાનું ને ભારત ભરવાનું કામ બવ ગમે.

નવરી પડું એટલે છાણા થાપું. કૂવળ, લાદ, બકરીની લીંડી, લાકડાનો છોલ, બાવળની પાની, ડૂંહાં, માંડવીના ફોફાં એમ અલગ બધું છાણ હાર્યે કદવાળીને એવો તો લોંદો બનાવું કે પછી જોઇ લ્યો છાણા બને ઇ ! પાતળી આંગળીની છાપવાળા પાતળાં એક જ હરખા ગોળ મોઢાવાળા છાણા બનાવું કે હુંકાઇ જાય તંયે તો એકદમ હળગી જાય. આવાં છાણા બનાવતી જોઇને બા હરખાઇ ગયેલી. પછી તો મૂળ કામ જ ઇ થઇ ગયેલું.

બધાય કે'સ કે લગન થ્યા પછી હું છાણા થાપવામાં ઇથીયે તે આગળ વધી ગઇ.

બાપ ગોતરમાં માછલાને કા'રેય હાથ નો'તો અડાડ્યો ને ઇ નંઇ એનું જ શાક કરીને ખવડાવ્ય. હાહરોય હવાધ્યો. ઇ મોટે ભાગે દેશી 'અમરત' પણ પીઇને આવતો ને એમાં મારી 'ધોણ' થાવા માંડી. ક્યાં હુંધી ખમું ?

મનને એમ કે વે'લુ મોડું હમજશે. પાંસ વરહ ઘરે આવીને એની રાહ જોઇ. ઇ તો હમુંકનો વકર્યો. આખી ન્યાતે હમજાવ્યું કે હું એને સોડી દવ.

છેલ્લા બે વરહથી મારા બાપુ ક્યાંક બીજું ગોતતા. મળતુંય ખરું. પણ મારે ક્યાં એક ભવમાં બીજો ભવ કરવો'તો. માનું જ નંય ને.

આટલું લાંબુ કોઇ સોકરી આમ ઘેર આવીને બેઠી હોય એવું અમારા કટમ્બમાં કોઇ દિ' બન્યું નો'તું પણ મને તો ઇ થાય કે સોકારો ગમે આટલા વરહ ઘેર બેહી હકે એનો વાંધો નંય ને સોકરીને લગન થ્યે ઘર મટી જાય એવું ક્યાં શાસ્તરમાં લખ્યું હશે ?

બાપની ટકટકાટી રોજ માથે ઝીંકાતી તોય હું તો નવરી પડું કે છાણા થાપવા બેહી જ જાવ સું. ટાંટીયો વાળીને બેહવાનું કેમ ગમે ?

પણ બાપુ કેય સે કે હવે હું છાણા થાપવાનું બંધ કરી દવ તો હારું.

---

**હરીશ મહુવાકર**, 'અમે', 3/A , 1929, નંદાલય હવેલી પાસે, સરદારનગર, ભાવનગર 364 002

ફોન: 9426 22 35 22 , ઈમેઈલ : harishmahuvakar@gmail.com

sahityasetu.co.in